# મારું રાજકોટ

–સુચી વ્યાસ

રાજકોટમાં વળી એવું તે શું કે 'રાજકોટ' બોલતાં જ દાંતમાં ખડીસાકરના કટકા ભરાણા હોય એવો સવાદ આવે, દીલમાં ગલગલીયાં થાય અને શરીરમાં એક નાનો શો ગરમાટો અનુભવાય ?

બે–ત્રણ રાજકોટીયા ભેગા થાય ને તરત જ રાજકોટની શેરીઓ, ગટર, જગ્ગડનાં ભજીયાં, પટેલનો આઈસ્ક્રીમ, ધર્મેન્દ્રસીંહજી કૉલેજ, પટનું મેદાન, ત્રીકોણ બાગ, શ્રોફ બંગલો, રેઈસ કોર્સ, જુબીલી ગાર્ડનની વાતું કુદી કુદીને, તાળીયું દઈ દઈને રસપુર્વક કરે. એમાં ચાંપલાં મુંબઈગરાં કે ભાવનગરીયાંઓ, પોરસીયાં રાજકોટીયાંઓની નસ દાબે, 'કાં, તમારા રાજકોટમાં ગંદવાડ બહુ, હોં ! ખુલ્લી ગટરોને લીધે બહુ વાસ મારે !' રાજકોટના 'બાપુ' એવે ટાણે ભાઈસા'બ મુછનો દોર વાંકો ન થાય એવા ધીમા કાઠીયાવાડી અવાજે, તમાકુ ચાવતાં ચાવતાં બારીની બહાર જોઈને કહે કે, 'હા, તમારી વાત સોળ આના સાચી કે ગંદવાડ ખરો...પણ સોખ્ખો ગંદવાડ, હોં !' અને તરત જ કાઠીયાવાડી અદાથી વાતનો દોર બદલાવી કહે, 'બાપુ, સાંજે છ વાગ્યા નથી ને એય રાજકોટના ઉનાળાની સાંજ કેવી માદક, કાં ને ?' રાજકોટના માણસો દલીલ ચર્ચામાં ન પડે; પણ સહેલાઈથી, સીફતથી ફીરકીના દોરની ઢીલ મુકી જુદી જ દીશામાં પતંગ ચગાવે !

છેલ્લાં ત્રીસ વરસથી મેં રાજકોટને ભૌગોલીક રીતે છોડી દીધું છે; પણ દીલમાં તો તાજા ગુલાબ જેવું તે સતત મહેકે છે, સુંવાળપથી સ્પર્શે છે, ધબકે છે, વહે છે અને એક અનેરો કેફ ચડાવે છે. અહીંના મારા અમેરીકા–ફીલાડેલ્ફીયાના લોકો પુછે કે, 'એવું તે ત્યાં શું છે ?' ત્યારે થાય, ક્યાંથી શરુ કરું મારી વાત !

મારે માટે મારું રાજકોટ એટલે મારું જાની બીલ્ડીન્ગ, રાષ્ટ્રીય શાળા, જી. ટી. સ્કુલ અને ધર્મેન્દ્રસિંહજી કૉલેજ. બસ, બધું એમાં સમાઈ ગયું ! જાની બીલ્ડીન્ગ એટલે ફક્ત તે મોટું મકાન માત્ર નથી. જાની બીલ્ડીન્ગ એટલે જાણે 'ગાંધી આશ્રમ'નું એક્સટેન્ડેડ વર્ઝન. ફરક માત્ર એટલો હતો કે ગાંધીજી ત્યાં રહેતા ન હતા. આશ્રમવાસીઓએ અને ગાંધીજીના અનુયાયીઓએ ત્યાં આવી એમનું રહેઠાણ બનાવેલું. મોટું ડેલાબંધ મકાન, ડેલામાં પરમાત્મા પગીનો વાસ, ડેલાની બન્ને

બાજુએ બે ઑફીસો, એક બાજુ જાણીતા વકીલ બાલકૃષ્ણ શુક્લ અને બીજી બાજુ જાણીતા વકીલ સત્યેન જોશી, વચ્ચે ફળીયું, ફળીયામાં ડંકી, ડંકીની આજુબાજુ બાંધેલી ચોકડી, ડંકીની સામે બે સીડી, સીડી પાસે વાવેલા કરેણના છોડ – એક સફેદ, એક લાલ. આગળ ચાલો તો પાછું નાનું શું ચોરસ ફળીયું, વચ્ચે નાનો પૅસેજ, ફરી જાની બીલ્ડીન્ગનો વીસ્તાર જ્યાં ભાઈઓ અને બહેનોનાં પાયખાનાં, પાસે બીજી ડંકી અને સામે અમારા 'મામા'ની દુકાન, જ્યાં નારંગીની પીપરમીન્ટ. શીંગ–દાળીયા મળે. અને છેલ્લે આવે બગીચો.

બે માળના મકાન ઉપર મોટી અગાશી. મારાં જેવાં બસોએક છોકરા–છોકરીઓનું શૈશવ ફળીયામાં અગાશીમાં ગયું હશે. રમતોમાં લંગડી, ખોખો, ધપ્પો, ભમરડા, અમીનો, નાગોળીયો, ક્રીકેટ, સાઈકલ, ગરબડીયો ગોરાવો, ઘોઘો અને પ્રસંગોમાં નવરાત્રી, હોળી, લગન–મરણ અને આત્મહત્યાઓ બધું આવી જાય ! અગાશીમાં પતંગ, ગુબારો, ઉનાળાની રાતો, તારાઓનું જ્ઞાન, અને પરાક્રમી પુરુષાતનો– જેમ કે બંગડીવાળો નીકળે તો પાણા ફેંકી બંગડીઓ ફોડવી, કોઈના પર ઠંડું પાણી રેડવું, ધમાચકડી કરવી. સાંજે ઘરભેળા થઈએ ત્યારે હરહંમેશ સારા એવા મારની આગાહી. ઉભાં ઉભાં બે હજાર વાર રામનામ લખ્યા છતાં ન સુધરેલી પ્રજા તે અમે ! લગભગ ૨૫–૩૦ છોકરાંની ગૅન્ગ નીર્દોષ આનન્દ લુંટે. આશ્ચર્યની વાત તો એ છે કે, આમાંથી કોઈનો પણ પ્રેમમાં પડીને કે પ્રેમમાં પડ્યા વગર પરણ્યાનો એકે દાખલોય નથી જડતો ! કોઈનાંય અંદરોઅંદર લગ્ન નથી થયાં. નાખી દેતાંયે જાની બીલ્ડીન્ગનાં, તે વેળાનાં ૨૫–૩૦ બાળકો, આજે વયોવૃદ્ધ થયેલાં, અમેરીકામાં રહેતાં હશે અને આટલાં વર્ષે પણ જ્યારે એકબીજાને મળે ત્યારે સગાં ભાઈ–બહેનથીય વીશેષ પ્યાર કરે છે.

અમારા જેવા નાલાયકો ભણવામાં હોશીયાર તો ખરા; પણ છતાંયે ખાદીધારી દવે સાહેબ બરાબર સાડાચાર વાગ્યે, 'ચાલો બહેન, ચાલો ભાઈ !' કરતાં અમને ભણાવવા આવે. ધોતીયાની પાટલી હાથમાં પકડી, ટોપી સરખી કરી, છોકરાઓને ધોલ મારે અને છોડીઓને ડોળા દેખાડે ! અહીં અમેરીકા આવી બધા હવે 'દવે'ના 'ડેવ' થઈ જાય; પણ દવે સાહેબ અમેરીકા આવ્યા વગર અમારા તો 'દેવ' થઈ ગયા ! એમનું પ્રાથમીક શીક્ષણ આજે પણ એટલું જ કામ આપે છે. રાષ્ટ્રીય શાળામાં બધાં સાથે ભણવા જઈએ, રેંટીયો કાંતીએ, સફાઈ કરીએ, શાળાના પ્રાર્થનાખંડમાં પ્રાર્થના કરીએ.

ગાંધર્વ મહાવીદ્યાલયનાં 'બહેન' અને 'ભાઈ' તરીકે ઓળખાતી પતી–પત્નીની જોડી વીજયાબહેન અને પુરુષોત્તમભાઈ અમને સંગીત શીખવે. જાની સાહેબ કસરત કરાવે. એય ને લીલાલહેર હતી..! બાલ્કનજીબારીનાં પર્યટનો, છવ્વીસ જાન્યુઆરીનાં સરઘસો, પંદરમી ઑગસ્ટનાં ઝંડાવંદનો...

પાંચમા ધોરણથી જાની બીલ્ડીન્ગનાં છોકરાં–છોકરીઓ છુટ્ટાં પડી જાય; તે છેક પાછાં કૉલેજમાં ભેળાં થાય ! અમે જી.ટી. સ્કુલમાં અને છોકરાઓ વીરાણીમાં જાય. ભણાવનારાં બધાં અમારાં માયબાપ જેવાં. અમારા જેવી બાંગડ પ્રજાને ભણાવવી, કેળવવી એટલે માથાની ઓલીકોરનું જ કામ.

રાજકોટ આમ તો જૈન વાણીયાનું ગામ. એમાં પાછાં ગરાશીયાઓ–રાજપુતોની દાદાગીરી ! પણ અમારે એની હારે કોઈ લેવા કે દેવા નહીં. અમારી દુનીયા જાની બીલ્ડીન્ગ, રાષ્ટ્રીય શાળા, જી.ટી. સ્કુલ અને ધર્મેન્દ્રસીહજી કૉલેજમાં વસેલી. એ જમાનામાં રાજકોટમાં ૬૦ ઘોડાગાડીઓ અને ૨૦૦ સાઈકલ માંડ હશે.

રાજપુતપરામાં અભેસીંગભાઈની ઘોડાગાડી કરાવવાની અને જનમદીવસ વખતે રાણા સાઈકલ સ્ટોરમાંથી લાલ સાઈકલ એક આનાની આખા દી' માટે ભાડે કરી ગામ આખું ખુંદી વળવાનું. આંગળીને ટેરવે ગણીએ એટલી મોટર ગામમાં ! બજારમાં જઈએ તો ગાડીના હૉર્ન પરથી જ ખબર પડી જાય કે કોની ગાડી નીકળી. 'આ તો રસીકભાઈ શાહ, દેરાસર જવા નીકળ્યા... આ તો સવીતાબહેન વીભાકર, વીઝીટે જવા નીકળ્યાં... આ તો સદરબજારવાળાં ડૉ. તારાબહેન જાદવની બેબ–કાર હૉસ્પીટલને રસ્તે રુમઝુમતી ઉપડી... કે હવે સારેગમ વગાડતી ડૉ. વરીયાવાળાની ગાડી...'

પોલ્યુશનનું નામ નહીં. ગંદવાડ તો હતો જ નહીં અને હશે તો દેખાય નહીં એટલો ચોખ્ખો ગંદવાડ ! આજે અમે ત્યાં પાછાં જઈએ ત્યારે જુના રાજકોટનાં દર્શન થાતાં નથી. પરીવર્તન તો જગતમાં એક ધ્રુવની જેમ અચલ જ છે. આપણા મોઢાની સુરખી પણ ક્યાં હવે પહેલાં જેવી રહી છે?

પણ મારા ખયાલોમાં રહેલું મારું રાજકોટ સદાયે સુંદર, સ્વચ્છ અને રળીયામણું છે.

## અમ્મારૂં ઘર રાજકોટ મુકામે...

આમ વીચાર કરીએ તો એક ઓસરી–ઉતાર બે ઓરડા ! એક બાજુ રસોડું અને સામે કોઠાર. રસોડા પાછળ ખાંચો અને બરાબર તેની સામે બીજો ખાંચો, જ્યાં બાથરુમ. બસ ! વાત પુરી. આ ઘરમાં અમે દસ જણાં રહીએ. ઉપરાંત અનેક મહેમાનોની હાર... પણ ક્યારેય અગવડ પડી હોય એવો અનુભવ થયો નહોતો. રસોડામાં ભીંતમાં જડેલો ૩/૪ ખાનાવાળો કબાટ; એક પીંજરુ - જે આજકાલનાં 'ફ્રીઝ'ની ઐસી કી તૈસી બોલાવે. નાના રસોડાની ચારેય બાજુ બે થરમાં અભરાઈ. એક ચુલો, જેને રોજ સવારે કે સાંજે લીંપી–ગુંપીને સાફસુફ કરવાનો. ચુલો કાઢી નાંખ્યા પછી બે નાની સગડીઓ હતી. ૧૦ કે ૧૨ લોકોથી વધુ માણસોની રસોઈ કરવાની હોય તો સગડીઓ બહાર ઓસરીમાં આવી જાય, હોં ! ઓસરીમાં પાણીયારું, એના ઉપર એક અભરાઈ, જ્યાં પ્યાલાં–લોટા ચકચકીત માંજીને હારબંધ ગોઠવાયેલાં હોય. પાણીયારા હેઠે એક કાળો પથ્થર, લાદીમાં જડેલો. જેમાં તમામ પ્રકારનુ વાટવાનું કામ થાય. વાટીદાળના ભજીયાંનો તો મોટો પ્રોગ્રામ યોજાય. (બાપુ, ઈ જમાનામાં 'બ્લેન્ડર'નું નામોનીશાન નહોતું, હોં સાહેબ !)

આ જ ઓસરીમાં આખ્ખા વરસનાં દાણા-દુણી વીણાય, બટેટાની પતરીઓથી માંડીને અથાણાં–પાપડના ભવ્ય પ્રોજેકટ્સો ઉજવાયા હશે. આજ ઓસરીમાં અમારા માથાના લાંબા વાળની જાળવણી માટે ભૃંગરાજ અને કંઈક મસાલાઓ કાદર વોરાની દુકાનેથી આવે અને એયને ત્રણ ત્રણ દીવસ સુધી તેને ઉકાળવામાં આવે. આ જ ઓસરીમાં ભાઈબીજના દુધપાક બને, ઉનાળામાં કેરીનો રસ નીચોવાય અને શીયાળામાં સ્વેટરો ગુંથાય. આ બધામાંથી, ઓસરી પાસે થોડો સમયગાળો મળે તો બાનો 'સીંગર' સંચો ઓસરીમાં બહાર આવી શકે. પછી તો પુછો મા વાત.. જલ્સેથી જોરદાર સીવણકામ હાલે ને આખ્ખાયે ઘરનાં આછા લીલા રંગના ખાદીના પડદાઓ ઝાલર, ફુમતા–બુમતા સહીત બધું સીવાઈ જાય ને ટીંગાડી દેવામાં આવે. ઓસરીનું 'ફોકલ પોઈન્ટ' ઘરની જાળી. જાળી ખોલો અને અંદર પ્રવેશો ત્યાં ડાબી બાજુ એક ડામચીયો દેખાય–મોટો મજુસ, જેમાં વધારાનાં ગોદડાંઓ અને સુંદર ગાલીચો રાખવામાં આવતો. મજુસની ઉપર ગાદલાંઓ વાળી, એક ઉપર એક ગોઠવાય. બરાબર ગાદલાંઓની બાજુમાં ઓશીકાંઓ લાઈનબંધ ગોઠવાઈ જાય અને પછી એક કલાત્મક સુંદર ચંદરવો – (બાની કલાકોની સીલાઈકામની કારીગરીનો ઉતમ નમુનો જ તો !)

ડામચીયા ઉપર ઢાંકવામાં આવે, જેથી સુઘડતા અને વ્યવસ્થા સાથે સાથે દીવસભર ડામચીયો માથે ન આવે. કોઈક વાર શું !–હરહંમેશ મહેમાનોથી ઉભરાતા અમારા ઘરમાં ઓસરી રાત પડ્યે ગેસ્ટ રુમ બની જાય. હારબંધ ઢાળેલા પાટીવાળા ખાટલા, ચોખ્ખી પથારી અને મચ્છરદાની સાથે ઓસરી તૈયાર  થઈ જાતી. જાણે નવવધુ !   બાપુ, કોઠારની વાત યાદ કરતાં તો રડવું જ આવી જાય છે. અમેરીકાની મોટી મોટી લાયબ્રેરીઓને ભાંગી નાંખે હોં ! એક બાજુ રંગરંગની રંગોળી ને શરમાવે તેવી દાળ–કઠોળની બરણીઓ, એક બાજુ આખ્ખા વરસનાં અથાણાંની બરણીઓ, જેને ધોઈ–ધફોળી, ચોખ્ખી કરીને તેને માથેનાં ઢાંકણ ખાદીનાં સફેદ કપડાંથી નાડી વડે બાંધેલાં હોય. બરણી ઉપર ચોખ્ખા અક્ષરે અથાણાંનાં નામની ચીઠ્ઠી ચોંટાડેલી હોય. પાપડના ગોળ ડબ્બાઓ, મશાલાઓની પારદર્શક બરણીઓ. ચા, ખાંડ, લોટના ભુરા કે લીલા રંગના મોટા ડબ્બાઓ (બાનાં મુડ પ્રમાણે દર વરસે રંગ બદલાતા રહેતા) હોય. પછી આવે છે આરોગ્ય અને આયુર્વેદીક દવાઓની દુકાન ! જેમાં હીંગાષ્ટકથી માંડીને વીરેચન ચુર્ણ, મહાસુદર્શન ચુર્ણ, મહાયોગરાજ ગુગલ કે  ભાતભાતના ક્વાથ. બરાબર તે ખાનાંની નીચે નહાવાના સાબુ, કપડાં ધોવાના સાબુ, કૉસ્ટીક સૉડા, અરીઠા વગેરે વગેરે. અમ્મારા ઘરમાં કોઈ અજાણ્યું માણસ આંખ બંધ કરીને કોઠારમાંથી કાંઈપણ ગોતી શકે ! એકી સાથે ૨૦/ ૨૫ માણસોની રસોઈ થાતી હોય પણ રસોડું/કોઠાર હરહંમેશ સ્વચ્છ, સુઘડ, સરળ, હસતાં–રમતાં દેખાય. બાથરુમનો વીભાગ રસોડા કરતાં સહેજ મોટો હશે. જેમાં એક મોટું લીલા રંગનું પીપ ભરીને પાણી ભરેલું રાખવામાં આવતું. એક બેઠા ઘાટની પહોળી ડોલ, સામે ગરમ પાણીનો બંબો. બે ઉંચી બારીઓ, બારીની પાંધી ઉપર નહાવાના સાબુ, નહાવાનો પાટલો. ધબાધબ અમે બધા નહાતાં– ધોતાંને દોડતાંક નીશાળે પહોંચી જતાં.

હવે આવે છે હીંચકાવાળો, ભગવાનનો, ભાઈ/ભાભીનો, અમ્મારા બધાનો મલ્ટી–પરપઝ રુમ. (અમેરીકામાં આવા રુમનું ખાસ નામ ‘ફેમીલી રુમ’) રુમની વચ્ચોવચ હીંચકો, એક ભીંતે ખાટલો, બે ગોદરેજના કબાટ, સામી ભીંતે એક કબાટ ભીંતમાં જડેલો. અને ખુણામાં ભગવાનનું લાકડાનું મંદીર. ભીંતમાં જડેલા કબાટમાં અમારા રોજનાં કપડાંની ઘડીઓ, વધારાના ટુવાલ, નેપકીન સૌથી ઉપલા ખાને રહે. એકાદ બે જોડી બહાર પહેરવાનાં કપડાં ગોદરેજના કબાટમાં રહે. ઘરમાં આવો કે તરત દોડીને હીંચકા ઉપર બેસવાની પડાપડી થાય. બા કે મોટાભાઈ આવે તો ટપ કરતાં ઉભા થઈ જવાનો  ન નોંધાયેલો નીયમ. બપોરે હીંચકાની સુવાંગ માલીકી બાની. સવાર–

સાંજ આ રુમમાં જ પુજા-પાઠ થાય. સાંજે દીવો કરી, જમ્યા પછી અચુક પ્રાર્થના થતી. પીતાશ્રી રાષ્ટ્રનાં કામ પછી ક્યારેક ઘરે આવ્યા હોય ત્યારે ગાંધી પ્રાર્થના અને 'આશ્રમ-ભજનાવલી'નાં ભજનો થતાં.

હવે ઑફીસ-રુમઃ જે અમારો ભણવાનો, કોઈ આવે તો મળવાનો, લાઈબ્રેરી રુમ, અને રાત પડ્યે બધાં બાળકો અને બાનો સુવાનો રુમ બની જતો. આ રુમમાં થોડા ખાસ ફોટાઓ ટીંગાડવામાં આવેલા. જેમાં રમણ મહર્ષી, ગાંધીબાપુ, પોંડીચરીવાળાં માતાજી, રવીન્દ્રનાથ ટાગોરનો સમાવેશ થાય છે. એક લાંબી પાટ, લાકડાની ચાર ખુરશીઓ, જેના ઉપર પડદાના રંગ જેવા જ કુશન કવર, ખુરશી પાછળનો ભાગ પણ ખાદીના કવરથી શણગારવામાં આવતો. સામેની ભીંતે એક ભીંતમાં જડેલો કબાટ હતો, જેમાં અનેક પુસ્તકો રાખવામાં આવતાં. ગાંધી–સાહીત્ય તો ખરું જ ! સાથે સાથે 'હીમાલાયનો પ્રવાસ'થી માંડીને 'યોગીની આત્મકથા'થી માંડીને તે શરદબાબુની તમામ નવલકથાઓ, ર.વ દેસાઈનો સેટ, ગોવર્ધનરામ ત્રીપાઠીના 'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગ, 'કન્યાને પત્રો'– કીશોરલાલ મશરુવાળાનુ અમુલ્ય પુસ્તક. અમારા ઘરના નીયમ પ્રમાણે ૧૦મું ધોરણ પાસ કરતાં પહેલાં આટલું વાચન પુરું કરવું પડતું. આ જ રુમમાં હરીજન સેવક સંઘ/ રાષ્ટ્રીયશાળાની અનેક મીટીંગો ભરાતી. મોટાભાઈ વકીલાત કરતા તેથી અસીલો સાથે મોડી રાત સુધી કન્સલ્ટીન્ગ ચાલતું. અમે ત્યાં જ વાંચતા, લખતા અને ભણતા.

ઘરની બહાર ત્રણ લાંબાં પગથીયાં અને સામે ડંકી હતી. ઓટલા અને આંગણું દીવસમાં બે વખત ધોવાઈ જતાં. દીવાલીના દીવસોમાં તો પગથીયાં ને આખ્ખુંયે આંગણુ સ્વર્ગીય રંગોળથી ઝગમગતાં હતાં.

અમેરીકાના અમારા આ હાઈ-ટૅક હાઉસમાં રહેવા છતાં; મારા બાળપણના આ ઘરની મારે હૃદયે રહેલી ઉંડી મમતાની છાપને, અક્ષરોથી ઉપસાવવાનાં મારા આ દીલી પ્રયાસોમાં, મને નીષ્ફળ થતી હું જોઈ શકું છું... સલામ... મારા વહાલા ઘરને !... –સુચી વ્યાસ

સંપર્કઃ **Suchi Girish Vyas**, 8105 - Meadowbrook Drive, PA - 19111 - -USA

**Home** # 215-742-5625 **Cell** # 215-219-9962 - **e-mail** girishsuchi@comcast.net

*(સુચીબહેનનું ચીત્ર, એમનો પરીચય અને અગાઉ ૨૦૦૬માં ૬૦મી 'સ.મ.'માં પ્રકાશીત થયેલો*

*'ક્રીકસાઈડ' નામક એમનો એક સુંદર લેખ વાંચવા માટે*
http://www.gujaratilexicon.com/admin/upload/SeM/sm-60.0--2006-07-30--kriksiaid--suchi-vyas.pdf
*પર ક્લીક કરશોજી. ...ઉત્તમ ગજ્જર)*

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ ચોથું – અંકઃ 165 – May 10, 2009

'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

♦●♦●♦

'ભગવદ્ગોમંડળ'ની સીડી મેળવવા માટે જે મેઈલ્સ અમને મળી રહી છે તે કલ્પનાતીત છે. અમારે હૈયે તેનો ભારે હર્ષ છે.. અમારું સમગ્ર કાર્ય સમાવી લેતી એ સીડીને ભારે આવકાર મળ્યો છે. તે મેળવવા માટેની સંખ્યાબંધ પૂછપરછ  અમને મળી રહી છે. તેવા ઇચ્છુક સૌને માટે નીચેની માહિતી અમે અહીં આપી દઈએ છીએ.. હજી વધારે વિતરણ કેન્દ્રોની વ્યવસ્થા થઈ રહી છે. સી.ડી. તો સૌને મફત જ મળશે; છતાં આ ભાષાકાર્યને પુસ્કારવા અને ધમધમતું રાખવા તમારું નાનકડું દાન પણ આવકાર્ય છે. સંકોચ નહીં કરશો. દાતાઓનાં નામો અમે લૅક્સિકોનની વેબસાઈટ પર મૂક્યાં જ છે અને મૂકીએ છીએ. સૌનો ખૂબ ખૂબ આભાર...

You can get CD of 'Bhagwadgomandal' from the following Addresses :

| Location | Name | Address | Timings |
|---|---|---|---|
| Ahmedabad | Ashok Karania, Magnet Technologies | 404-405, Soham-II, Near Navrang School Six Road, Navrangpura Ph- 079 - 65135400 | Monday to Friday – 9.00 A.M to 7.00 P.M |
| Gandhinagar | Balvantbhai Patel | Plot No- 253/1, Sector – 7/A, Gandhinagar – 382 007 Tel-99097 18403 | For time, please ring him |
| Surat | Uttambhai Gajjar | 53, Gurunagar, Varchha Road, Surat -395 006 Ph- 0261-255 3591 | 9.00 to 11. 00 A.M and - 5.00 to 9.00 P.M. |
| Rajkot | Bharatbhai Kapadia | Aastha, Prakash Society, Nirmala Convent Road, Opp. Nirmala Convent, Rajkot Ph - 0281-258 4595 | Moday to Friday –8.30 to 11. 30 A.M and 4.30 to 6.30 P.M. |

| | | | |
|---|---|---|---|
| Bhavnagar | Jayant Meghani | Prasar, 1888, Atabhai Avenue, Bhavnagar – 364 002<br>Phone – 0278- 256 8452 | Monday to Saturday – 9.00 to 1.00 A.M<br>And 3.00 to 8.00 P.M. |
| 1.Mumbai | 1. Magnet Technologies | 101/102, First Floor, Shivrise, Akurli Road, Kandivali (East), Mumbai- 400 101<br>Ph – 022 – 4074 4800 | Monday to Friday – 9.00 A.M to 6.00 P.M |
| 2. Mumbai | 2. Jayesh Patel, Chandaria Foundation | 12, Sudhakar Apartment, 26 Narayan Dhabolkar Marg, Malbar Hill, Mumbai – 400 006<br>Ph – 022 – 2363 4867 | Monday to Friday – 11.00 A.M to 6.00 P.M |
| United Kindgom | Vipool Kalyani | 4, Rosecroft Walk, Wembley, Middlesex, HA0 2JZ, UK<br>Ph.(+44)020-8902 0993 | For time, please ring him |

*'ગુજરાતીલૅક્સિકોન'* ***http://www.gujaratilexicon.com/*** *ની* ***23,00,000*** *થીયે વધારે મુલાકાતીઓની મુલાકાત, અમારા ઉત્સાહમાં વધારો કરે છે.*

'જય ગુજરાતી !'

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ ચોથું – અંકઃ 165 – May 10, 2009

'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

(♦)●(♦)●(♦)●(♦)●(♦)